ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૩૫ ટકા

# મેરી ક્રિસમસ : નાતાલ પર્વને ઉમંગભેર વધાવીએ

## આજે શહેરમાં નાતાલ પર્વની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવશે : ચર્ચને સુશોભિત કરવામાં આવ્યા છે






### ઈસુનો જીવનસંદેશ

પ્રભુ ઈસુએ પોતાના સ્વ મુખેથી આપેલા સુવર્ણ સંદેશાઓ આ પ્રમાણે છે.

સર્વને પ્રેમ કરો અને દયા રાખો.
ક્રોધ અને લોભ ન કરો.
વિષય વાસનામાં ન પડો.
અપરાધીને પણ ક્ષમા કરો.
પાપને ઘૃણા કરો, પાપીને નહીં.
જે સત્ય છે તેને પ્રગટ કરવામાં સંકોચ ન રાખો.
અન્યાય કે અત્યાચાર ન કરો.
ગરીબોની સેવા કરો
ઈશ્વરીય સત્તા પર વિશ્વાસ રાખો.

નાતાલ એટલે જગતનાં મુકિતદાતા બાળ ઈસુનો જન્મ. આ દિવસ એક મહાન પર્વ એટલે કે નાતાલ. જેને આપણે ખ્રિસ્તી જયંતિ પણ કહીએ છીએ અને આ પર્વ આખા જગતમાં વિભિન્ન પ્રાંતમાં ઉજવવામાં આવે છે. નાતાલના દિવસે ચર્ચમાં જઈને ખ્રિસ્તિ લોકો પ્રાર્થના કરે છે. ચર્ચ તથા અન્ય જગ્યાઓ પર ઈસુ મસીહાના જન્મ સમયની આબેહૂબ ઝાંખી તૈયાર કરવામાં આવે છે. લોકો ઘરે પવિત્ર ક્રિસમસ ટ્રી લાવીને તેને લાઈટિંગ સહિત અન્ય શણગારની વસ્તુઓથી સજાવે છે. લોકો એકબીજાને ભેટ આપે છે અને 'મેરી ક્રિસમસ' કહીને આનંદ વ્યકત કરે છે. બાળકો કેક, પેસ્ટ્રી, કૂકીઝ અને મીઠાઈ ખાઈને મજા કરે છે. ઘણી જગ્યાએ સાંતાક્લોઝ આવીને બાળકોને વિવિધ ગિફ્ટ આપે છે.

હવે આપણે નાતાલ પર્વ વિશે ઉલ્લેખ કરીએ ખ્રિસ્તીઓ વર્ષોથી ઈસુના જન્મદિવસને નાતાલ તરીકે ઊજવે છે. આ ઊજવણી સાથે ઘણાં બધાં રીતરિવાજો જોડાયેલાં છે. એનાથી આપણને થશે કે, એ રીતરિવાજોનો ઈસુના જન્મ સાથે શું સંબંધ છે? સાન્તા ક્લોઝની દંતકથાનો વિચાર કરીએ. આજે જેને સાન્તા ક્લોઝ તરીકે ઓળખીએ છીએ એનો ઉપયોગ ૧૯૩૧માં એક જાહેરાતમાં થયો હતો. ઉત્તર અમેરિકાની સોફ્ટડ્રિંક્સની એક કંપનીએ નાતાલ દરમિયાન એ જાહેરાત બનાવી હતી. લાલ કપડાં, સફેદ દાઢી અને ગુલાબી ગાલ વાળો એ હસમુખો ચહેરો ઘણો જ પ્રખ્યાત થઈ ગયો. પણ, બ્રાઝિલમાં રહેતા અમુક લોકોએ ૧૯૫૦ના દાયકામાં સાન્તા ક્લોઝને બદલે ''ગ્રાન્ડપા ઈન્ડિયન'' નામનું પાત્ર ઊભું કર્યું. એના વિશે એક પ્રોફેસર જણાવે છે: 'સાન્તા ક્લોઝે ગ્રાન્ડપા ઈન્ડિયનને પાછળ પાડી દીધો. તેણે બાળ ઈસુને પણ પાછળ પાડી દીધા અને ડિસેમ્બર ૨૫એ રાખવામાં આવતી મિજબાનીનો મુખ્ય ભાગ બની ગયો.' શુ નાતાલની ઊજવણીમાં સાન્તા ક્લોઝ જેવી એક જ ખોટી માન્યતા છે ? એ જાણવા, આજે આપણે પહેલાના જમાનાના ખ્રિસ્તીઓ વિશે જાણીએ.

'ખ્રિસ્તીઓની શરૂઆતનાં ૨૦૦ વર્ષ દરમિયાન સંત-મહાત્માનો જન્મદિવસ મનાવવાનો સખત વિરોધ થયો હતો. ઈસુના જન્મદિવસને પણ એ જ લાગુ પડતું હતું.' શા માટે કેમ કે, ખ્રિસ્તીઓ જન્મદિવસની ઊજવણીને જૂઠા ધર્મનાં રીતરિવાજ તરીકે ગણતા હતા. એમાં તેઓએ કોઈ પણ રીતે ભાગ લેતા નહોતા. ખરુ જોવા જઈએ તો ઈસુના જન્મની તારીખ બાઈબલમાં ક્યાંય આપવામાં આવી નથી. પ્રખ્યાત રોમન ધર્મ અને શિયાળામાં આવતો સૂર્ય પૂજાનો તહેવાર કૅથલિક ચર્ચ માટે નડતરરૂપ હતાં. ચર્ચ એને દૂર કરીને પોતાનું વર્ચસ્વ જમાવવા ચાહતું હતું. એટલે, જન્મદિવસની ઊજવણી સામે ખ્રિસ્તીઓના સખત વિરોધ છતાં, કૅથલિક ચર્ચે ચોથી સદીમાં નાતાલની શરૂઆત કરી. એક લેખકે પોતાના પુસ્તક ક્રિસમસ ઈન અમેરિકામાં જણાવ્યું કે, દર વર્ષે ડિસેમ્બર ૧૭થી જાન્યુઆરી ૧ સુધી, 'મોટા ભાગના રોમના લોકો ખાતા-પીતા, મજા માણતા, સરઘસ કાઢતા અને બીજા તહેવારો ઊજવતા. એમ કરીને તેઓ પોતાનાં દેવ-દેવીઓની ભક્તિ કરતા.' રોમન લોકો ડિસેમ્બર ૨૫ના રોજ 'અજેય સૂર્ય'નો જન્મદિવસ ઊજવતા હતા. એ જ દિવસે નાતાલની શરૂઆત કરીને ચર્ચે ઘણા રોમન લોકોને સૂર્યનો જન્મદિવસ ઊજવવાને બદલે ઈસુનો જન્મદિવસ ઊજવવા મનાવી લીધા. સાન્તા ક્લોઝ, એ બાયોગ્રાફીના લેખકે જણાવ્યું કે, રોમનો 'શિયાળાના તહેવારો સાથે જોડાયેલી દરેક બાબતોનો હજુ પણ આનંદ માણતા હતા.' હકીકતમાં, તેઓ જૂના રિવાજોને નવા તહેવારોના રૂપમાં ઉજવવા લાગ્યા. જેવી રીતે ઝાડની ડાળીઓને સીધી કરી શકાતી નથી, એવી જ રીતે, નાતાલના રીતરિવાજો એટલાં ગૂંચવણભર્યાં છે કે એને 'સીધાં કરી શકાતા નથી.

નાતાલનું સાચુ સુખ એમ છે કે આપણે સૌએ પ્રત્યેક જીવન પ્રત્યે આદર અને સન્માનની ભાવના વિકસાવવી જોઈએ. આપણા પડોશીઓ સાથે પ્રેમભાવ રાખીએ. ગરીબોની મદદ કરીએ, બિમારીની ખબર લઈએ અને અપંગ - લાચાર, વૃદ્ધોની સેવા કરીએ અને આ રીતે આપણે નાતાલને ઉજવીએ. આપણા ઘરનાં સર્વ મળીને પ્રાર્થના કરીએ અને સાચા હૃદયથી આપણા ગુનાઓની માફી માંગીએ અને એવો પશ્ચાતાપ કરીએ કે જીવનમાં ભૂલોને ફરીવાર ન કરીએ અને એકબીજાથી છલ-કપટની ભાવનાને દૂર કરીએ. પ્રેમભર્યુ જીવન પવિત્રતા અને શાંતિથી જીવીએ. નાતાલ આપણને એ શીખવાડે છે કે બાળ ઈસુને કયાંય જગ્યા ન મળી. પરંતુ બાળ ઈસુ આપણા હૃદયમાં રહેવા માંગે છે તો આજથી જ આપણે આપણા હૃદયમાં ઈસુને સ્થાન આપીએ અને આપણા હૃદયનું દ્વાર ઈશ્વર માટે ખુલ્લુ રાખીએ. ગંદુ અને પાપમય જીવન દૂર કરીએ તો આ પવિત્ર પર્વની વધામણી હૃદયથી એકબીજાને આપીએ તો આ નાતાલની ઉજવણી એ સાચા અર્થમાં હૃદયપૂર્વકની ઉજવણી કહેવાય. ભેટ-સોગાદોની આપ-લે ઉપરાંત અન્ય પાસાંઓના કારણે નાતાલના તહેવારમાં ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી બંને ધર્મમાં આર્થિક ગતિવિધિનું પ્રમાણ ખૂબ જ તીવ્ર બની જાય છે. લોકો માટે આ એક નોંધપાત્ર ઘટના અને વેપારીઓ માટે વેચાણનો મુખ્ય સમયગાળો બની જાય છે.

## જી.આઈ.પી.એસ. શાળાનો ૧૯મો વાર્ષિકોત્સવ કલાંજલિ ઉજવાયો



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા શાળાનો ''૧૯મો વાર્ષિકોત્સવ કલાંજલિ'' શાળા કેમ્પસમાં ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. જેમાં ''ભારતીય સંસ્કૃતિના ધાર્મિક તહેવાર''ની થીમ પર ''કલાંજલિ કાર્યક્રમને ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ અને મેયર હીતેશભાઈ મકવાણા તથા શાળાના ટ્રસ્ટીઓ, મેનેજીંગ ડાયરેક્ટર, શાળાના બન્ને આચાર્યાઓએ ચીફ ગેસ્ટનુ સ્વાગત કરી જ્ઞાનદીપ પ્રગટાવી સાંસ્કૃતિક કાર્યક્રમને ઉમંગભેર તાળીઓના ગુંજન સાથે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળાનુ કેમ્પસ શોરબકોર અને તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. તેજસ્વી તારલાઓનું એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ શાળાની શરૂઆતથી અત્યાર સુધી શાળાને અને બાળકોને ગૌરવવંતિ બનાવવા પ્રોત્સાહિત કરનાર શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરાયા હતા. શાળાના ટ્રસ્ટીએ વાર્ષિકોત્સવમાં ભાગ લેનાર બાળકો, શિક્ષકગણ, ઉપસ્થિત વાલીઓ અને મહેમાનોનો અને ભગવાનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ભારતીય સંસ્કૃતિના ધાર્મિક તહેવારની થીમ પરની રજુઆત સાથે આનંદપુર્વક કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો.

## શ્રી જે.બી.પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી કરાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ શાન્તા ક્લોઝની વેશભુષામાં સજજ થઈ શાળાનાં તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ વહેંચી હતી. સાથે ધો.૧થી ૪ના વિદ્યાર્થીઓએ પોયમ સીંગીગ સ્પર્ધામાં અને ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓએ સ્ટોરી ટેલીંગ તથા વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ વેશભુષા અને ડાન્સ રજૂ કર્યા હતા. આ સાથે શાન્તા કલોઝના વેશમાં નિયમોનું પાલન કરી સંયમતા દાખવતો શુભ સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું અંગ્રેજી સ્પીચ સાથે સફળ સંચાલન કરનાર અને ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોને આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલ ખાતે નાતાલની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન.પટેલ પ્રાયમરી શાળામાં ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરી સાથે સાથે વિવિધ વેશભૂષામાં બાળકો તૈયાર થઈ આનંદ અને ઉત્સાહથી વિવિધ પાત્ર ભજવી બધાજ બાળકોને ખુશ કરી દીધા હતા. નાના બાળકો દ્વારા એક પાત્રિય અભિનયમાં આર્મી, સાન્તાક્લોઝ. પરી, ક્રિષ્ના, રાધા, પોલીસ, હાથી, વાઘ જેવા વસ્ત્ર પહેરીને ડાન્સ કર્યો હતો. સાન્તાક્લોઝ દ્વારા વિદ્યાર્થીઓને ચોકલેટ આપી નાતાલ પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૩

ગુજરાત યુનિ. આંતર કોલેજ હેન્ડબોલ (બહેનો)ની સ્પર્ધા તાજેતરમાં ગુજરાત યુનિ. ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત યુનિ.ની જુદી જુદી કોલેજોએ ભાગ લીધો હતો. હેન્ડબોલની સ્પર્ધામાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ટીમે દરેક મેચમાં જીત મેળવી સતત ત્રીજી વખત ગુજરાત યુનિ.આંતર કોલેજ ચેમ્પિયન થઈને ગૌરવ વધાર્યુ છે. વિજેતા થયેલીટીમમાં કેપ્ટન કુ.શિવાની પટેલ, રિધ્ધિ પટેલ, કૃણાલી ચૌધરી, તૃષા રાઠોડ, પ્રિયંકા ડાભી, ચેતના જોષી, નીકિતા ચૌધરી, ભુમિકા ચૌધરી અને અનીતા ઠાકોરનો સમાવેશ થયો હતો. વિજેતા ટીમને પ્રમુખ હરીભાઈ ચૌધરી તથા કોલેજના કન્વીનર રણછોડભાઈ ચૌધરી અને ટ્રસ્ટીઓ તેમજ કોલેજના આચાર્ય એમ.એમ.ચૌધરી તેમજ શારીરીક શિક્ષણના પ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી અને કોલેજના સમગ્ર સ્ટાફે હેન્ડબોલની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મહિલાઓએ શ્રધ્ધા પૂર્વક આનંદના ગરબા નો લાભ લીધો હતો

## એસ.કે.પટેલ સ્કુલ ખાતે ક્રિસમસ સેલિબ્રેશન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં ક્રિસમસ સેલિબ્રેશન યોજાયો. જેમાં નાના નાના ભૂલકાંઓ સાંતાક્લોજનો ડ્રેસ પેહરીને અને ઘણા બાળકો રેડ કલરના કપડાં પહેરીને સ્કૂલમાં ક્રિસમસ સેલિબ્રેશનમાં ડાન્સ કરીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## સહજાનંદ સ્કુલ ઓફ એચીવર ચિલોડા ખાતે ક્રિસમસની ઉજવણી



સહજાનંદ સ્કુલ ઓફ એચીવર ચિલોડા ખાતે ક્રિસમસની ઊજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં શાળાના બાળકોને શાન્તાક્લોજ બનીને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો તેમજ શોલો ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો એ ખુબ રસ બતાવ્યો હતો. અને બાળકો ખુબ જ ખુશ થઈ ગયા હતા.

## ઈન્ફોકીડઝ પ્રી-સ્કુલમાં ક્રીસમસ કાર્નિવલ



ઈન્ફો કીડઝ પ્રી સ્કુલમાં ક્રીસમસ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કુલના બાળકોએ અને તેમના માતાપિતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મેજીક શો, ગેમ્સ, ક્રીએટીવ સ્ટોલ, હાથેથી બનાવેલી વિવિધ ડેકોરેશનની ચીજવસ્તુઓ ક્રીસમસ કાર્નિવલમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે ઈન્ટર ક્લાસ મેગા ડ્રોઈંગ કોમ્પિટિશન-૨૦૨૩

ગાંધીનગર, તા.૨૪

નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ટેક્વોન્ડો એસો. મિલાપ ટાટારિઆ દ્વારા આગામી તા. ૦૧/૦૧/૨૦૨૩, રવિવારના દિવસે સવારે ૮:૦૦ કલાકે ઈન્ટર સ્કૂલ મેગા ડ્રોઈંગ કોમ્પિટિશન-૨૦૨૩નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. સ્પર્ધામાં દરેક સ્પર્ધકોને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે તો ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨ ઉપર રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે.

## જન્મદિને વધામણી



કમલ કિશોર જૈન
પ્રેસિડેન્ટ, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન,
વરિષ્ઠ કારોબારી સભ્ય ગાંધીનગર કલ્ચરલ ફોરમ



આહાન કૃણાલ પંડયા
મો. ૯૪૨૮૩ ૫૫૯૪૪



જીત દિનેશકુમાર કાપડીયા
મો. ૮૪૯૦૯ ૭૮૮૯૧



જૈનિલ ત્રિવેદી



પુન્યા શ્રેયાંસભાઈ કોઠારી



ઠાકોર કાન્તાબેન શંભુજી
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮



અંજના શુકલા